NAVSARI AGRICULTURAL UNIVERSITY

NAVSARI AGRICULTURAL UNIVERSITY

ERU CHAR RASTA, NAVSARI,GUJARAT-396 450

NAVSARI AGRICULTURAL UNIVERSITY
Dr. T. R. Ahlawat
PI & NODAL OFFICER
NAU-CAAST, NAHEP

Contact: 02637- 283452
Email:caastnau@gmail.com

No. NAU/DR/NAHEP-CAAST/T-4/ 1129 /2021 Date:02/11 /2021

વિષય: **કેટરિંગ સર્વીસના ભાવ (Rate fixing)** ક્વોટેશન ફોર્મમાં ભરી મોકલી આપવા બાબત...

સવિનય જણાવવાનું કે અત્રેની નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજીત થતા વિવિધ સેમીનાર/વર્કશોપ/કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવનાર દેશભરના મહેમાનો માટે ક્વોટેશન ફોર્મમાં જણાવેલ શરતોને આધીન તેમજ જણાવેલ સમય અને મેનુ મુજબના કરાર આધારિત કેટેરિંગના તમારા ભાવો ભરી છેલ્લી તારીખ તા.25/ 11/૨૦૨૧ સુધીમાં સીલબંધ કવરમાં મોકલવા જણાવવામાં આવે છે. સદર ભાવ પત્રકો રૂબરૂ અથવા ટપાલથી પી.આઈ. અને નોડલ ઓફિસર, CAAST, સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ના સરનામે મોકલી આપવાનાં રહેશે, બંધ કવર ઉપર **કેટરિંગ સર્વીસના ભાવ (Rate fixing)** એમ લખવું.

ડૉ. ટી. આર. અલહાવત
પી.આઈ. અને નોડલ ઓફિસર
CAAST-૨૦૨૧

ક્વોટેશન ભરનારની વિગતો

૧	પાર્ટીનું નામ:
૨	પાર્ટીનું સરનામું:
૩	ફોન નંબર:
૪	પાન કાર્ડ નંબર (નકલ ફરજિયાત જોડવી):

હું ક્વોટેશન ની તમામ શરતો સાથે સહમત છું તથા તે પાળવા બંધાયેલો છું.

તારીખ:

પાર્ટીનું નામ અને સહી

કેટરિંગના ભાવની શરતો

1. વિગતવાર ભાવો ભરી ક્વોટેશન ફોર્મ અને પાન કાર્ડની નકલ સાથે બંધ કવરમાં તારીખ 25/11/૨૦૨૧ સુધીમાં "પી.આઈ. અને નોડલ અધિકારી CAATS, સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી" ના સરનામે રૂબરૂ કે પોસ્ટથી પહોંચતા કરવાના રહેશે. અંતિમ તારીખ બાદ ક્વોટેશન ફોર્મ ગણતરીમાં લેવામાં આવશે નહીં.
2. બંધ કવર ઉપર સારા શબ્દોમાં **કેટરિંગ સર્વીસના ભાવ (Rate fixing)** એમ લખવું તથા મોકલનાર પોતાનું નામ, પૂરેપુરુ સરનામું અને ફોન નંબર લખવા.
3. સેવા આપતી દરેક વ્યક્તિ નમ્ર યોગ્ય વર્તણૂકવાળી અને સુઘડ અને સ્વચ્છ ગણવેશ પહેરેલ હોવી જોઈએ. મિનરલ વોટર, ચા અને કોફી સારી ગુણવત્તાવાળા કાગળના ડિસ્પોઝેબલ ગ્લાસમાં આપવાના રહેશે.
4. જમણવાર માટે સારી ગુણવત્તા વાળું દૂધ, દહીં, છાશ, આઈસ્ક્રીમ વાપરવાના રહેશે.
5. રસોઈ સુધ્ધ સીંગતેલમાં તેમજ સારી બ્રાંડના બાસમતી ચોખા, ઘઉં, તુવેરદાળ તેમજ અન્ય વસ્તુઓ વાપરવાની રહેશે, જેની ખરાઈ ખોરાક કમિટી પાસે કરવવાની રહેશે.
6. જરૂરી સાધન સામગ્રી જેવી કે ડિશ, વાટકી, ચમચી, પેપર નેપકિન વગેરે સ્થળ પર તમારે લાવવાના રહેશે. રસોઈ માટે સુધ્ધ મિનરલ વોટર વાપરવાનું રહેશે.
7. અનિવાર્ય સંજોગોમાં એક અથવા વધુ સમય માટે કેટેરિંગ સેવા કરવાની થાય તો છ કલાક પહેલા જણાવવામાં આવશે.
8. 100 માણસો દિઠ ઓછામાં ઓછું એક કેટેરિંગ સર્વિમ ટેબલ અને હાથ ધોવા માટે બે વોશ બેઝીન રાખવાના રહેશે. ચોક્કસ વકતીની સંખ્યા છ કલાક પહેલા જણાવવામાં આવશે.
9. સવારનો ચા નાસ્તો, બપોરનું ભોજન અને સજના ભોજન માટે ડિશના કર સાથેના ન્યુનત્તમ ભાવ આપવાનો રહેશે. જો ખોરાકની ગુણવત્તા બરાબર નથી અથવા નક્કી કર્યા પ્રમાણે નથી એમ માલૂમ પડશે તો તુરંતજ કોઈપણ કારણ દર્શક નોટિશ વગર કરાર રદ કરવામાં આવશે.
10. રાષ્ટ્રીય કક્ષાનાં કાર્યક્રમ હોય મહેમાનો ભારતના દરેક પ્રદેશમાંથી આવતા હોઈ આહારની ગુણવત્તા તથા સ્વાદ સર્વગ્રાહ્ય રહે તેની કાળજી લેવી.
11. સંશોધન નિયામશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીની સત્તાએ કોઈપણ કારણદર્શક નોટિસ આપ્યા વગર કોઈ એક અથવા બધા ક્વોટેશન અસ્વીકાર્ય રાખી શકે છે. આવા કિસ્સાને લઈને તમે કોર્ટમાં વાંધો ઉઠાવી સકશો નહીં.
12. ૧૫૦ વ્યક્તિ બેસી શકે તે માટે વી. આઈ. પી. વ્યવસ્થા કરવાની રહેશે અને તેમના માટે દશ (૧૦) કુશળ વ્યક્તિઓ જે હિન્દી પણ સમજી શકે તેઓ ધ્વારા પીરસવાની વ્યવસ્થા કરવાની રહેશે. વી. વી.આઈ.પી. માટે સવારનો ચા નાસ્તો, બપોરનું ભોજન અને સાંજના ભોજન સમયે મિનરલ વોટર બોટલ આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.
13. કોઈપણ વિવાદિત કિસ્સામાં માનનીય કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી નો અંતિમ નિર્ણય બધાજ પક્ષોએ ગ્રાહ્ય રાખવાનો રહેશે.
14. ભોજન પીરસતા સમયે કેપ, માસ્ક તથા હાથ મોજા ફરજીયાત પહેરવાના રહેશે તેમજ એન્ટ્રી ગેટ પર સેનીટાઈઝર મુકાવું.

ઉપર દર્શાવેલ શરતો અને કોઈપણ સમયે કરાવેલ નવી શરતો મને સ્વીકાર્ય છે

સ્થળ:

તારીખ:

પાર્ટીની સહી

નામ:

ફોન નંબર:

ભોજનના ભાવો નક્કી કરવા બાબત....

	વિગત	એક ડીશનો ભાવ
નાસ્તો	ચા / કોફી	
	ઈડલી અને સાંભર-ચટણી / લાઈવ ઢોકળા-ગ્રીન ચટણી / ઢોસા (પ્લેન / મસાલા)	
	બ્રેડ બટર જામ / કોર્ન ફ્લેક્સ / સેવ ખમણ	
હાઈ ટી	મિક્સ ફ્રૂટ ડિશ (સફરજન, દ્રાક્ષ, પપૈયા, પાઈનેપલ, સ્ટ્રોબેરી, દાડમ, કિવી, તરબૂચ, જમરુખ પૈકિ કોઈપણ પાંચ આઈટમ)	
	હોટ એન્ડ કોલ્ડ બ્રાઉની આઈસક્રીમ સાથે / ફાલુદા	
	નારિયેલ પાણી	
	ચા / કોફી	
બપોરનું ભોજન	ડ્રાયફ્રુટ મઠો / ડ્રાયફ્રુટ શ્રીખંડ / અંગુર રબડી / ડ્રાયફ્રુટ બાસુંદી / ગાજરનો હલવો / રસગુલ્લા / મલાઈ કોફતા / આઇસ્ક્રીમ	
	પનીરની વેરાઈટી શાક / કાજુની વેરાઈટી શાક	
	તવા શાક (ટામેટા, રીંગણા , બટાકા, કાંદા) / ભીંડા મસાલા / ભરેલા રીંગણા / રીંગણા બટાકાનું શાક / પનીર કઢાઈ / ડ્રાય ઊંધિયું / મિક્ષ વેજ	
	દાલ ફ્રાય, જીરા રાઈસ	
	રોટલી / પરોઠા	
	દહી / લસ્સી / મસલા છાશ	
	કચુંબર / પાપડ	
	હોટ એન્ડ શોર / માન્ચાઉ / ટોમેટો સૂપ	
સેશન બ્રેક	જ્યુસ (સંતરા / પાઇનેપાલ)	
	બિસ્કિટ, વેફર (કેળા-બટેકા મિક્સ)	
	ચા / કોફી	
સાંજનું ભોજન	ડ્રાયફ્રુટ મઠો / ડ્રાયફ્રુટ શ્રીખંડ / અંગુર રબડી / ડ્રાયફ્રુટ બાસુંદી / ગાજરનો હલવો / રસગુલ્લા / મલાઈ કોફતા / આઇસ્ક્રીમ	
	પનીરની વેરાઈટી શાક / કાજુની વેરાઈટી શાક	
	તવા શાક (ટામેટા, રીંગણા , બટાકા, કાંદા) / ભીંડા મસાલા / ભરેલા રીંગણા / રીંગણા બટાકાનું શાક / પનીર કઢાઈ / ડ્રાય ઊંધિયું / મિક્ષ વેજ	
	દાલ ફ્રાય, જીરા રાઈસ	
	રોટલી / પરોઠા	
	દહી / લસ્સી / મસલા છાશ	
	કચુંબર / પાપડ	
ઉપરના તમામ ભાવો ટેક્ષ સહીતનાં ભરવાના રેહશે.		

સ્થળ:

તારીખ:

પાર્ટીની સહી

નામ:

ફોન નંબર: